### ઘર માટે યોગ્ય

# સન કેચર

## કઈ રીતે પસંદ કરશો?

ઘરની સજાવટ માટે તમે વિન્ડ ચાઈમ અને ડ્રીમ કેચર વિશે સાંભળ્યું હશે પરંતુ સનકેચર્સ વિશે જાણો છો? સનકેચર્સ  એક લોકપ્રિય અને કિફાયતી વિકલ્પ છે. સનકેચર્સ કાચ કે એક્રેલિકમાંથી બનાવેલ લાઈટવેટ ડેકોરેટિવ વસ્તુ છે જેને તમે બારી પાસે લટકાવી શકો છો. એ સીધો સૂર્યપ્રકાશ ઝીલીને એને રિફ્રેક્ટ(વક્રીભવન) કરે છે એટલે આખા રૂમમાં મેઘધનુષ - રેનબો જેવી સુંદર પેટર્ન બની જાય છે.

સનકેચર્સ ઘરમાં લાઈટ અને કલર્સ લાવવાની એક શાનદાર રીત છે. એ એક સાધારણ બારીને રોશની અને રંગોની જગ્યામાં બદલી શકે છે. તેનાથી ઘરમાં એક હૂંફાળું તથા આવકારદાયક વાતાવરણ ઊભું કરી શકાય છે. માર્કેટમાં ઘણા વિકલ્પો મળે છે ત્યારે યોગ્ય સનકેચર કઈ રીતે પસંદ કરશો?

સોનેરી સવારના પહેલા સોનેરી કિરણ તમારી બારીમાંથી રૂમમાં પ્રવેશ કરે અને આખા રૂમને રંગબેરંગી રોશનીથી ભરી દે તો કેવું લાગે તેની કલ્પના કરો. દીવાલ પર ઈન્દ્રધનુષી રંગ, ચમકતાં કિરણો અને મનને શાંતિ આપતું દ્રશ્ય...

આ જાદુ લઈને આવે છે સનકેચર. લિવિંગ રૂમ હોય, બેડરૂમ, બાલ્કની કે ઓફિસ... સનકેચર દરેક જગ્યાએ પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી લે છે.

### સનકેચર્સની પસંદગી કઈ રીતે કરશો?



### ઘરની સ્ટાઈલને ધ્યાનમાં રાખો

સન કેચર પસંદ કરવાનું પહેલું પગલું છે તમારા ઘરની ઓવરઓલ સ્ટાઈલ પર ધ્યાન આપવું. તમારું ડેકોર મોડર્ન, રસ્ટિક, બોહેમિયન કે ટ્રેડિશનલ છે? સન કેચરની સ્ટાઈલ હમણાંના ડેકોર સાથે મેળ ખાતી હોવી જોઈએ. દા.ત. રસ્ટિક, કન્ટ્રી સ્ટાઈલ ઘરમાં સ્લીક, જ્યોમેટ્રિક સન કેચર ખરાબ લાગી શકે છે જ્યારે વિન્ટેજ, સ્ટેઈન્ડ ગ્લાસ પીસ એના માટે એકદમ યોગ્ય બની શકે.

### રંગો વિશે વિચારો

સન કેચર્સ ઘણા રંગોમાં મળે છે એટલે તમારી જગ્યા માટે કયો રંગ સૌથી સારો રહેશે એ અંગે વિચારો. તમે રૂમના કલર સાથે મેચ થાય એવું ઈચ્છો છો કે તમે એવું સન કેચર ઈચ્છો છો જે અલગ દેખાય અને સ્ટેટમેન્ટ પીસ હોય?

તમે કેવો માહોલ બનાવવા ઈચ્છો છો એ પણ વિચારો. રેડ, ઓરેન્જ અને યલો જેવા વોર્મ કલર્સ કોઝી અને આવકારદાયક વાતાવરણ સર્જી શકે છે જ્યારે બ્લૂ અને ગ્રીન જેવા કૂલ કલર્સ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કરાવી શકે છે.



### યોગ્ય સાઈઝ પસંદ કરો

સન કેચરની સાઈઝ પણ મહત્વની છે. મોટી બારીમાં નાનું સન કેચર કદાચ ખોવાઈ જાય જ્યારે મોટું સન કેચર નાની જગ્યાએ બહુ વધારે ભરાવદાર કે અસંતુલિત લાગી શકે છે. બારીની સાઈઝ માપો અને એનો કેટલો ભાગ આવરી લેવા ઈચ્છો છો એ વિચારો. યાદ રાખો, સન કેચર જગ્યાની સુંદરતાને વધારવું જોઈએ, નહિ કે એના પર હાવી થતું હોય.

### મટીરિયલ્સ વિચારો

સન કેચર્સ કાચ, ક્રિસ્ટલ અને એક્રેલિક જેવાં વિવિધ મટીરિયલ્સમાંથી બનાવી શકાય છે. દરેક મટીરિયલની પોતાનો આગવો લુક અને વિશેષતા હોય છે. કાચના સન કેચર્સ ક્લાસિક અને એલિગન્ટ હોય છે જ્યારે ક્રિસ્ટલ સન કેચર્સ સુંદર અને ઝળહળતી રોશનીની પેટર્ન રચી શકે છે. એક્રેલિકનાં સન કેચર્સ વજનમાં હલકાં અને ટકાઉ હોય છે એટલે બાળકો કે પાલતુ પ્રાણીઓ હોય એવાં ઘરો માટે એક સારો વિકલ્પ છે.

### ક્યાં મૂકવાનું છે એ વિશે વિચારો

છેલ્લે, તમે સન કેચર ક્યાં મૂકવા ઈચ્છો છો તે વિચારો. સૌથી સારી જગ્યા સામાન્ય રીતે એ બારી હોય છે જ્યાં ખૂબ સૂર્યપ્રકાશ આવતો હોય. અલબત્ત, તમે પોર્ચ કે ગાર્ડન જેવી અન્ય જગ્યાએ પણ સન કેચર્સ લટકાવી શકો છો. બસ એટલું ધ્યાન રાખો કે સન કેચર એવી જગ્યાએ હોય જ્યાં એ પ્રકાશને ઝીલી શકે અને સુંદર રિફ્લેક્શન સર્જી શકે.

## ટિપ્સ

* **સીધા સૂર્યપ્રકાશનો વધારેમાં વધારે ફાયદો ઉઠાવો:** સન કેચર્સને કામ કરવા માટે સીધા પ્રકાશની જરૂર હોય છે. સવારની રોશની માટે પૂર્વ બાજુની બારી અથવા બપોરની તેજ રોશનીમાં મેઘધનુષના નજારા માટે પશ્ચિમ તરફની બારી પસંદ કરો.
* **સમૂહમાં લગાડો, છૂટાછવાયાં નહિ:** જો તમે સનકેચર વિન્ડો ડેકલ્સ કે સ્ટીકર્સનો ઉપયોગ કરતા હો તો એને આખા ઘરમાં અલગ અલગ લગાડવાને બદલે એક સાથે પાસે પાસે લગાડો. પાસે પાસે લગાડવાથી પ્રકાશના એક જ કેન્દ્રિત કિરણને ઝીલે છે પરિણામે 'ડિસ્કો બોલ' જેવી શાનદાર અસર દેખાય છે.
* **સક્શન કપ વોટર ટ્રિક:** ભારે ક્રિસ્ટલ સનકેચર્સને સક્શન કપથી લટકાવતાં પહેલાં બારીના કાચને બરાબર સાફ કરો. સક્શન કપને જોરથી દબાવતાં પહેલાં પાછળના ભાગ પર પાણીનું ટીપું છાંટો અથવા થોડું મોઈશ્ચર લગાડો. એનાથી હવાના નાના નાના પરપોટા નીકળી જાય છે અને એક મજબૂત વેક્યુમ સીલ બની જાય છે એટલે એ પડશે નહિ.
* **સ્વચ્છ રાખો:** ધૂળ અને બારી પર જામતી ફિલ્મ પ્રિઝમની ચમકને ઘણી ઓછી કરે છે. થોડા થોડા સમયે ગ્લાસ ક્રિસ્ટલને માઈક્રો ફાઈબર કટકાથી ધીરે ધીરે લૂછો જેથી સપાટી સાફ અને ચમકદાર રહે.

